



નોંધ :- આપેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અંગેની કબુલાતનો ચુસ્તપણે અમલ કરવાની શરતે મંજુરી આપવામાં આવે છે
આ નકશા ટાઉન પ્લાનીંગ વિભાગની રજા ચીઠ્ઠી નં. 08 ... તારીખ 12/10/18 માં દર્શાવેલ તમામ શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

| AREA TABLE | | | |
|---|---|---|---|
| PLOT NO | PLOT AREA | TEN JENT | NET AREA |
| 1 | 139.32 | | 139.32 |
| 2 | 127.68 | - | 127.68 |
| 3 | 146.41 | - | 146.41 |
| 4 | 174.90 | 12.07 | 162.83 |
| 5 | 166.27 | - | 166.27 |
| 6 | 149.25 | - | 149.25 |
| 7 | 112.44 | 12.07 | 100.37 |
| 8 | 87.50 | - | 87.50 |
| 9 | 112.44 | 12.07 | 100.37 |
| 10 | 80.00 | - | 80.00 |
| 11 | 80.00 | - | 80.00 |
| 12 | 177.23 | - | 177.23 |
| 13 | 185.00 | - | 185.00 |
| 14 | 80.00 | - | 80.00 |
| 15 | 80.00 | - | 80.00 |
| 16 | 112.44 | 12.07 | 100.37 |
| 17 | 87.50 | - | 87.50 |
| 18 | 112.44 | 12.07 | 100.37 |
| 19 | 80.00 | - | 80.00 |
| 20 | 80.00 | - | 80.00 |
| 21 | 244.60 | - | 244.60 |
| 22 | 349.67 | 23.66 | 326.01 |
| TOTAL | 2965.09 | | 2881.08 |

**TITLE OF WORK :-** PROPOSED RESIDENCIAL LAY OUT PLAN

**SITE ADDRESS :-** FP NO - 41, OP NO - 27 RUVA, T.P.SCHEME NO-3, RUVA REVENUE SURVEY NO-112/2 PAIKY-1, NEAR SHIVAJI CIRCLE, BHAVNAGAR

SCALE = 1CM = 4 MT

**NAME OF OWNERS :-** SHRI KANTIBHAI MATHURBHAI DAVE


**SHOWS COLOUR NOTE**
- SHOWS PLOT LINE
- SHOWS DIVISION LINE
- SHOWS COMMON PLOT
- SHOWS KAPAN

N

| PARTICULAR | SQ.MT |
|---|---|
| PLOT AREA AS PER RECORD | 4017.00 |
| PLOT AREA AS PER SITE | 3888.50 |
| COMMON PLOT REQUIRED 10 % | 388.85 |
| COMMON PLOT PROVIDED - 1 | 201.14 |
| COMMON PLOT PROVIDED - 2 | 206.12 |
| ROAD & CURVATURE | 621.37 |

OWNERS SIGN :-

Haresh B. Nimavat
D.C.E.
R.M.C. Lic. No. 176
ENGINEER




# LAY OUT PLAN

રેરા એક્ટ -૨૦૧૬ ની કલમ-૩ ની જોગવાઈ મુજબ વિકાસકારે પ્લોટ, એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત માર્કેટીંગ, બુકિંગની કાર્યવાહી રેરાની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકાશે નહી, તેનો અમલ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૨) સદર સોસાયટીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા જેવી કે રોડ, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન તથા સ્ટ્રીટ લાઈટની સુવિધા સ્વખર્ચે પુર્ણ કરવા અંગે આપેલ કબુલાતનો ચુસ્તપણે અમલ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૩) કલેક્ટર કચેરીએથી નિયમનુસાર બિનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) સદર લે આઉટમાં બિલ્ડીંગ પ્લાનની મંજુરી મેળવતા / કોઈપણ ડેવલપમેન્ટ કરતા પુર્વે પાકી નોંધ થયેલ રેવન્યુ રેકર્ડ ... કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

H.A. Gohil 12/10/2018
આસિ. મદદનીશ ઇજનેર
ટાઉન પ્લાનીંગ વિભાગ,
મહાનગરપાલિકા ભાવનગર
SUPERVISOR

12/X/18
આ.સિ.ટાઉન પ્લા.ઓફીસર
ટાઉન પ્લાનીંગ વિભાગ,
મહાનગરપાલિકા ભાવનગર.
A.T.P.O

ટાઉન પ્લાનીંગ ઓફીસર
ટાઉન પ્લાનીંગ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર
T.P.O

COMMISSONER OFFICE SANCTION ON DATE
LETTER NO DATE
MUNCIPAL CORPORETION

SIGN :-

NARENDRA GAJJAR & ASSOCIATES
PLANNING SUPERVISION INTERIOR DESIGNING
FF - 15, Pathani Plaza, Near Waghawadi Road, Bhavnagar

Scanned by CamScanner

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર
## ટાઉન પ્લાનીંગ વિભાગ

### લે આઉટ પ્લાનની મંજુરી

ફાઈલ નં. ૧૧ તા.૬/૦૯/૧૮ — રજાચિઠ્ઠી નં. ૧૪

કમિ.મં.નં. ૫૭ તા.૨૯/૯/૧૮ — તા.૧૨/૧૦/૧૮

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ– ૩૪ તેમજ બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ અન્વયેની મંજુરી.

**પ્રતિ, શ્રી કાંતિભાઈ મથુરભાઈ દવે,**

સરનામું:– પ્લોટ નં. –– , સર્વે નં. ૧૧૨/૨ પૈકી ૧,
ટી.પી.સ્કીમ નં. ૩ (રૂવા), ઓ.પી. નં. ૨૭, એફ.પી. નં. ૪૧,
શિવાજી સર્કલ પાસે, ભાવનગર.

**અરજી સાથે નિયત ફોર્મ રજુ કરનાર પરવાનેદારની વિગત :–**

આર્કિટેકટ / એન્જિનિયર શ્રી – હરેશભાઈ બી. નિમાવત — લા.નં. ૧૭૬

ડેવલપર / બીલ્ડર – શ્રી કાંતિભાઈ મથુરભાઈ દવે,

**મંજુરીની વિગત :–**

આપશ્રીએ રજુ કરેલ રહેણાંકના હેતુ માટેના આઉટ પ્લાન કમિ. મંજુરી નંબર ૫૭ તા. ૨૯/૯/૧૮ થી મળેલ મંજુરી અનુસાર લે આઉટ પ્લાનમાં તથા નીચે દર્શાવેલ તથા પાછળ દર્શાવેલ શરતોને આધીન લે આઉટ પ્લાન મંજુર કરવામાં આવે છે.

શરતો :–

(૧) રેરા એકટ –૨૦૧૬ ની કલમ–૩ ની જોગવાઈ મુજબ વિકાસકારે પ્લોટ, એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત માર્કેટીંગ, બુકીંગની કાર્યવાહી રેરાની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકાશે નહી, તેનો અમલ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૨) સદર સોસાયટીમાં ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા જેવી કે રોડ, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન તથા સ્ટ્રીટ લાઈટની સુવિધાનુ કામ સ્વખર્ચે પુર્ણ કરવા અંગે આપેલ કબુલાતનો ચુસ્તપણે અમલ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૩) કલેકટર કચેરીએથી નિયમનુસાર બિનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૪) સદર લે આઉટમાં બિલ્ડીંગ પ્લાનની મંજુરી મેળવતા / કોઈપણ ડેવલપમેન્ટ કરતા પુર્વે પાકી નોંધ થયેલ રેવન્યુ રેકર્ડ રજુ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

H.A. Gohil 12/10/2018 — 12/X/18 — 12/10/18

| | | |
|---|---|---|
| અધિક મદદનીશ ઈજનેર | આસિ.ટા.પ્લા.ઓફિસર | ટાઉન પ્લાનીંગ ઓફિસર |
| ટાઉન પ્લાનીંગ વિભાગ | ટાઉન પ્લાનીંગ વિભાગ | ટાઉન પ્લાનીંગ વિભાગ |
| મહાનગરપાલિકા, ભાવનગર | મહાનગરપાલિકા, ભાવનગર | મહાનગરપાલિકા ભાવનગર |

(શરતો પાછળ દર્શાવેલ છે) **

ટાઉન પ્લાનીંગ વિભાગ ભાવનગર મહાનગરપાલિકા

## –:: શરતો ::–

(૧) આ મંજુરી સામે અપીલ થાય તો અપીલમાં વિરુદ્ધ ઠરાવ થયેથી આ મંજુરી રદ ગણાશે.

(૨) આ જમીન અંગે બિન ખેતીના હુકમો તથા લે–આઉટ પ્લાનની મંજુરી જે શરતો આધિન અપાયેલ હોય તે પૈકિ કોઈપણ શરતોનો ભંગ થયેલ હશે અથવા થશે તો મંજુરી રદ ગણાશે.

(૩) ભાવનગર મહાનગરપાલિકાએ પટ્ટેથી આપેલ (લીઝ હોલ્ડ) પ્લોટના કીસ્સામાં જે શરતને આધીન જમીન લીઝથી અપાયેલ હોય તે પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો આ મંજુરી રદ ગણાશે. આ મંજુરીથી લીઝ અંગેની કોઈ પણ પ્રકારની મંજુરી મેળવેલ છે તેઓ ગણાશે નહી.

(૪) આ લેઆઉટ પ્લાન / ભાગ પ્લાન/ એકત્રીકરણ પ્લાન/ બિલ્ટીંગપ્લાનની મંજુરી માટે ભાવનગર મહાનગર પાલિકાને આપવામાં આવેલ તમામ પ્રકારની કબુલાતો / બોન્ડ વિગેરેનો ચુસ્ત પણે અમલ કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.

(૫) મંજુરી મેળવનાર દ્વારા કોઈપણ હકીકત છુપાવીને કે ખોટી રજુઆત કરીને મંજુરી મેળવેલ હોવાનું જણાશે તો આપવામાં આવેલ મંજુરી કોઈપણ નોટીસ વીના રદ કરવામાં આવશે. તેમજ જરૂરી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬) બાંધકામની મંજુરી મેળવતા સમયે જે અમલમાં હોય તેવા નિયમો તથા પેટા નિયમોને કારણે બાંધકામની મંજુરી મળી શકે તેમ ન હોય તો આ નકશા મંજુર કરાયેલા હોવાના કારણોસર કોઈ પણ પ્રકારની તકરાર ઉઠાવી શકાશે નહી.

(૭) આ મંજુરીથી કોઈ પણ પ્રકારનો કાનુની વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગેના ખર્ચ / નુકશાની વળતરની જવાબદારી ભાવનગર મહાનગરપાલિકાની રહેશે નહિ.

(૮) કોઈપણ કારણોસર આ મંજુરી રદ કરવામાં આવે અથવા તો રદ બાતલ ઠરે તેવા કીસ્સામાં આ મંજુરી રદ થવાને કારણે થયેલ આર્થિક નુકશાન અંગે ભાવનગર મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની જવાદબારી રહેશે નહી.

(૯) આ મંજુરી મેળવ્યા બાદ અન્ય કાયદાઓ હેઠળ લેવી પડતી મંજુરીઓ જેવી કે કલેકટર કચેરી માંથી બીનખેતી તેમજ અન્યસંબંધીત તમામ કચેરીઓ માંથી જરૂરી મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૦) સોઈલ ટેસ્ટ દરમ્યાન લીકવીફેકશન વાળી જમીન હોવાનું માલુમ પડશે અને તે કારણસર બાંધકામ મળવા પાત્ર નહી હોય તો અત્રેથી આપવામાં આવેલ લે આઉટ પ્લાન / ભાગ પ્લાનની મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧) જે કિસ્સામાં લાગુ પડતું હોય ત્યા બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ હેઠળની બીન ખેતીની પરવાનગી / સુધારેલ બીન ખેતીની પરવાનગી તેમજ અન્ય સંબંધિત તમામ મંજુરીઓ પ્રથમ સક્ષમ સત્તા પાસેથી મેળવી લેવાની શરતે જ આ મંજુરી આપવામાં આવે છે.

(૧૨) આ લે આઉટ પ્લાનમાં / ભાગ પ્લાનમાં દર્શાવેલ બાંધકામો નિયમો અનુસાર રેગ્યુલાઈઝ કરાવી લેવાની શરતે અથવા દુર કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.( પીળા કલરથી દર્શાવેલ બાંધકામો દુર કરવાની શરતે આ મંજુરી આપવામાં આવે છે.)

(૧૩) આ વિસ્તાર ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલ્પમેન્ટ એકટ ૧૯૭૬ હેઠળની ટી.પી.સ્કીમમાં સમાવેશ થતો હોય, આ ટી.પી.સ્કીમ અંગે સરકારશ્રી/ ટાઉન પ્લાનીગ ઓફિસરશ્રી / મહાનગરપાલિકાશ્રી દવારા જે નિર્ણયો લેવામાં આવે તે બંધનકર્તા રહેશે.

(૧૪) ટી.પી.સ્કીમ ની દરખાસ્તો અનુસાર સંબંધિત આસામીઓ ધ્વારા સ્થળે જમીનના પ્રત્યેક્ષ કબ્જા ફેરફાર કરવાના રહેશે. વિકાસ પરવાનગી પત્ર તથા નકશા મળેલ છે.

( એન્જીનીયર / ડેવલોપર્સ / માલીકની સહી )

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવવનગર

વો. વ. જા. નં. ...૭૬૮...........

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
વોટર વર્કસ વિભાગ,
મહાનગર પાલિકા ભાવનગર
તા.૩૦/૧૧/૧૮

## –:: રજા ચિઠ્ઠી ::–

પ્રતિ,
કાન્તીભાઈ મથુરભાઈ દવે,
રૂવા રે.સ.નં.૧૧૨/૨ પૈકી–૧,
શીવાજી સર્કલ, ભાવનગર

**વિષય :– રૂવા રે. સર્વે નં. ૧૧૨/૨ પૈકી–૧, શિવાજી સર્કલમાં સ્વખર્ચે પાણીની લાઈનો નાંખવા બાબત.**

સંદર્ભ :– (૧) આપશ્રીની અરજી તા. ૨૨/૧૦/૧૮
(૨) સી.ઈ.મંજુરી નં.૫૮ તા.૧૯/૧૧/૧૮

ઉપરોકત વિષયે અને સંદર્ભે**રૂવા રે. સર્વે નં. ૧૧૨/૨ પૈકી–૧, શિવાજી સર્કલમાં સ્વખર્ચે પાણીની લાઈનો નાંખવા બાબતે** સી.ઈ.મંજુરી નં.૫૮ તા.૧૯/૧૧/૧૮ થી મળેલ મંજુરી અન્વયે આ સાથે સામેલ નકશામા દર્શાવ્યા મુજબ તથા પાછળ દર્શાવેલ શરતોનો અમલ કરવાની શરતે આપના ખર્ચે પાણીની પાઈપ લાઈન નાખવાની મંજુરી આપવામાં આવે છે.

(૧) ટાઉન ડેવલપમેન્ટ વિભાગ ધ્વારા મંજુર કરેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ તમામ શરતોનો અમલ કરવાનો રહેશે.
(૨) મહાનગરપાલિકાની પાણીની લાઈન સાથે જોબની મંજુરી સમયે વિભાગની સુચના અનુસાર મંજુરી મેળવી સુચના અનુસારની કામગીરી કરવાની રહેશે.
(૩) હાલ માત્ર પાણીની પાઈપ લાઈન નાખવાની જ મંજુરી આપવામાં આવે છે.
(૪) પાણી મેળવવા માટે જોબની મંજુરી સમયે પ્રવર્તમાન નિયમોનુસાર ૨૫ % ડેવલપમેન્ટ પૂર્ણ કર્યાના આધારો રજુ કર્યાબાદ જોબની મંજુરી આપવામાં આવશે.
(૫) તમામ મટીરીયલ્સ આઈ.એસ.આઈ.માર્કાનુ અને સારી ગુણવતા વાળુ વાપરવાનુ રહેશે.
(૬) શહેરની પાણી પરિસ્થિતિને ધ્યાને લઈ જોબ મંજુરી સમયે મહાનગરપાલિકા ધ્વારા જે નિર્ણય કરવામાં આવે તે બંધન કર્તા રહેશે.

( સુપરવીઝન ચાર્જ પેટે રૂા. ૨૦૪૬૧ /–મ્યુનિ.પહોચ નં. ૨૪૫૭૭ તા. ૨૬/૧૧/૧૮ થી વસુલ આવેલ છે.)

નાયબ કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલીકા–ભાવનગર

૩૦-૧૧-૧૮
કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલીકા–ભાવનગર

## –:: શરતો ::–

(૧) મંજુર થયેલ પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ શરૂ કરતાં પહેલા અત્રેની કચેરીને લેખિત જાણ કરવાની રહેશે.

(૨) આ પાઈપ લાઈનનાં કામ માટે પાઈપ, જોઈન્ટસ, વાલ્વ વગેરે આઈ. એસ. આઈ. માર્કાનાં અને વોટર વર્કસ વિભાગને પ્રથમ બતાવીને અને વિભાગની સુચના અનુસાર જ વાપરવાના રહેશે.

(૩) આ પાણીની પાઈપ લાઈનનુ તમામ કામ મંજુરી મુજબ પૂર્ણ કરી તેનુ અત્રેના વિભાગના સબંધિત કર્મચારીની હાજરીમાં નિયમોનુસાર હાઈડ્રોલીક ટેસ્ટીગ આપવાનુ રહેશે.

(૪) પાણી મેળવવા જોબવર્ક માટે મહાનગરપાલીકાની સુચના મુજબ જોડાણ માટેની લાઈનોનું આયોજન કરવાનું રહેશે અને સૂચના પ્રમાણે મેઈન લાઈન સુધી સ્વખર્ચે લાઈન નાંખવાની રહેશે.

(૫) મહાનગરપાલીકા ધ્વારા આ નેટવર્કમાં જો કોઈ ફેરફાર સુચવવામાં આવે તો તે મુજબ સુધારા વધારા કરી આપવાનાં રહેશે.

(૬) કામ પૂર્ણ થયા બાદ અત્રેના વિભાગનું ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ પૂર્ણ કર્યા અંગેનુ એન. ઓ. સી. મેળવી લેવાનું રહેશે.

(૭) મંજુર રહેલ લે– આઉટ પૈકીનાં ૨૫ % પ્લોટોમાં ડેવલપમેન્ટ પૂર્ણ કરી તે અંગેના આધારો રજુ થયા બાદ જ જોબવર્કની મંજૂરી આપવામાં આવશે.

(૮) પાઈપ લાઈન નાંખવા સમયે કે જોબવર્ક દરમિયાન રોડ ક્રોસ કરવાનો થાય/ તોડવાની જરૂરત ઉભી થાય કે આડો ડાર કરવાનો થાય તો ભાવનગર મહાનગરપાલિકાના રોડ વિભાગની મંજુરી મેળવી તેના આધારો રજુ કરવાનાં રહેશે.

(૯) આ પાણીની પાઈપ લાઈનનુ નેટવર્ક બી.પી.એમ.સી.એકટની કલમ ૨૨૪ હેઠળ જયાં સુધી મહાનગરપાલિકા ધ્વારા સંભાળવામાં આવે નહી ત્યાં સુધી આ તમામ પાઈપ લાઈનની મેઈન્ટેનન્સ સંબંધિત તમામ કામગીરી આપની રહેશે.

(૧૦) ટાઉન ડેવલપમેન્ટ વિભાગની લે–આઉટ પ્લાન મંજુર અંગેની રજા ચિઠ્ઠીમાં દર્શાવેલ તમામ શરતોને આધિન આ પાણીની લાઈનના નેટવર્કની મંજુરી આપવામાં આવે છે.

(૧૧) ટાઉન ડેવલપમેન્ટ વિભાગ ધ્વારા મંજુર કરાયેલ લે–આઉટ પ્લાનનાં આંતરીક રસ્તા પર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના ભાગ અન્વયે આ પાણીની લાઈનોના નાખવાની જ મંજુરી આપવામાં આવે છે. હાલ પાણી કનેકશન કે જોબની મંજુરી આપવામાં આવતી નથી.

(૧૨) પાણી મેળવવા જોબની મંજુરી આપવાના સમયે સમગ્ર શહેરની પાણીની પરિસ્થિતિ ધ્યાનમાં લઈ સંજોગોને આધિન ભાવનગર મહાનગરપાલિકા ધ્વારા જે નિર્ણય કરે તે આપને બંધન કર્તા રહેશે.

**Bhavnagar Municipal Corporation**

રોડ જા.નં. ૩૪૦૨
તા. ૧૩/૧૨/૧૮

## રજાચીઠ્ઠી

રોડઝ વિભાગ,
તા.૧૩/૧૨/૨૦૧૮

પ્રતિ,
શ્રી કાંતિભાઈ મથુરભાઈ દવે,
રૂવા.સ.નં. ૧૧૨/૨, ટી.પી.સ્કીમ નં.૩,
ઓ.પી. નં ૨૭, અંતિમ ખંડ નં.૪૧
શિવાજી સર્કલ પાસે ભાવનગર.

વિષય :– શ્રી કાંતિભાઈ મથુરભાઈ દવે, રે.સ.નં.૧૧૨/૨ ટી.પી.સ્કીમ નં.૩, શિવાજી સર્કલ પાસે ભાવનગર.
સંદર્ભ :– આપની તા.૧૧/૧૨/૨૦૧૮ ની અરજી.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે આપની માંગણી મુજબ, આ સાથેના લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ રસ્તાઓને આર.સી.સી.રોડ ડેવલપ કરવા માટે એસ્ટીમેટ રૂા.૪,૯૫,૦૦૦/– થાય છે. એસ્ટીમેટના ૫ % મુજબ સુપરવિઝન ચાર્જ રૂા.૨૪,૭૫૦/– થાય છે જે તમોએ ભાવનગર મહાનગરપાલિકામાં પહોંચ નં.૨૫૫૮૬, તા.૦૬/૧૨/૨૦૧૮ થી જમા કરી આપેલ છે. આથી નીચેની શરતોને આધિન સ્વખર્ચે રોડ ડેવલપ કરવાની મંજુરી આપવામાં આવે છે. આ નીચે દર્શાવેલ શરતોની રૂા. ૧૦૦.૦૦ ના સ્ટેમ્પ ઉપર બાંહેધરી આપવામાં આવેલ છે તેનું પાલન કરવાનું રહેશે.

(૧) સદરહુ કામ શરૂ કરતા પહેલા મ્યુ. કોર્પોરેશનમાં લેખીત જાણ કરવાની રહેશે.

(૨) રસ્તાના વિકાસકામોનો તમામ ખર્ચ તમોએ ભોગવવાનો રહેશે.

(૩)રોડ વિભાગના સ્પેસીફીકેશન મુજબ કામ કરવાનું રહેશે.

(૪) સમયાંતરે રોડ વિભાગના એન્જીનીયરની સ્થળ તપાસ કરાવવાની રહેશે.

(૫) ભાવનગર મહાનગરપાલિકાના પ્રવર્તમાન નીતીનિયમોનું પાલન કરવાનું રહેશે.

(૬) સદરહુ કામ ૬ મહિનામાં પુર્ણ કરવાનુ રહેશે અન્યથા મંજુરી રદ ગણાશે.

કાર્યપાલક ઈજનેર
રોડઝ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

# ભાવનગર મહાનગરપાલિકા
## ભાવનગર

બી.પી.એમ.સી.એકટની કલમ ૧૫૯ અન્વયે ડ્રેનેજ લે–આઉટ પ્લાનની પરવાનગી

૪૮-૫

ડ્રેનેજ વિભાગ,
મહાનગરપાલિકા, ભાવનગર.
નંબર :– ૪૦૧
તા. ૨૯/૧૧/૧૯

પ્રતિ,

શ્રી કાંતિભાઈ મથુરભાઈ દવે
સર્વે નં. ૧૧૨/૨ પૈકી-૧ ટી.પી. સ્કીમ નં.૩ (ક્ષા)
ઓ.પી. નં. ૨૭, ફા.પી.નં. ૭૧, શિવાજી સર્કલ
ભાવનગર

વિષય :– સર્વે નં. ૧૧૨/૨ પૈકી-૧ માં
ડ્રેનેજ લે–આઉટ મંજુરી બાબત.

સંદર્ભ :– આપની અરજી તા. ૨૨/૧૦/૨૦૧૯

જય ભારત સાથ જણાવવાનું કે, આપની ઉપરોકત વિષય બાબતની સંદર્ભ પત્રથી મળેલ અરજી અંગે આ સાથે સીટી એન્જી.શ્રી ~~તથા કાર્યપાલક ઈજનેરશ્રી~~ મંજુરી નંબર ૨૬ તા. ૨૯/૧૧/૧૯ મુજબ પાછળની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

૨૯/૧૧/૧૯
અધિક મદદનીશ ઈજનેર
ડ્રેનેજ વિભાગ,
મહાનગરપાલિકા ભાવનગર.

૨/૧૨/૧૯
નાયબ કાર્યપાલક ઈજનેર
(ડ્રેનેજ વિભાગ)
ભાવનગર મહાનગરપાલિકા

૦૪/૧૨/૧૯
કાર્યપાલક ઈજનેર
ડ્રેનેજ વિભાગ,
મહાનગરપાલિકા ભાવનગર.

# ભાવનગર મહાનગરપાલિકા
# ભાવનગર

## -:: શ ર તો ::-

(૧) ઉપરોક્ત સ્થળે ડ્રેનેજ લાઈન સ્વખર્ચે નાખવાની રહેશે.

(૨) મ્યુનીસીપલ કોર્પોરેશન નાં ડ્રેનેજ વિભાગના સંપૂર્ણ સુપરવિઝન હેઠળ કામ કરવાનું રહેશે.

(૩) એક્સ્ટનલ રોડ ઉપરની ડ્રેનેજ લાઈનની માલિકી મ્યુનીસીપલ કોર્પોરેશનની રહેશે.

(૪) હાઉસ કનેક્શનની યુનિટ વાઇઝ મંજુરી અલગથી મેળવવાની રહેશે.

(૫) સમગ્ર ડ્રેનેજ લાઈનનું મેઈન્ટેનન્સ મ્યુનીસીપલ કોર્પોરેશન વિસ્તાર ન સંભાળી ત્યાં સુધી સોસાયટીએ માલિકે કરવાનું રહેશે.

(૬) કામ પૂર્ણ થયેથી ફ્લો ટેસ્ટ તથા હાઈડ્રોલિક નાં ટેસ્ટ આપી ત્રણ (૩) માસમાં કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે. અને ત્યારબાદ મેઈન લાઈનનું જોડાણ (મ્યુનિ.કોર્પો. ના ) સક્ષમ અધિકારી ની હાજરી માં કરવાનું રહેશે.

(૭) સદરહુ ડ્રેનેજ લાઈન મ્યુનીસીપલ કોર્પોરેશન અન્ય કોઈપણ જોડાણોકરી શકે અને કરાવી શકશે.

(૮) ઉપરોક્ત કોઈપણ શરતનો ભંગ થયેથી આ મંજુરી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૯) ડ્રેનેજ વિભાગનાં પેટા નિયમોનુ ચુસ્તપણે પાલનકરવાનું રહેશે.

(૧૦) ઉપરોક્ત ડ્રેનેજ મંજુરી સામેની અપીલમાં વિરુદ્ધ ઠરાવ થયેથી આપેલ મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૧)........૨૭૫.મી........ક્યું. ની ડ્રેનેજ લાઈન એ એ ક્લાસ ચીની પાઈપ ........૦૬ - સી.૨ ૨૫૦........એ તથા ૦૨ - સી................ટાઈપ મેનહોલ કુલ - ૦૮....................નંગ તથા ............................સ્પેસીફીકેશન મુજબ બનાવવાનાં રહેશે.

(૧૨) કામ પૂર્ણ થયેથી સૂચિત ડ્રેનેજ લાઈનનો ફ્લો ટેસ્ટ આપવાનો રહેશે.

(૧૩) સ્વખર્ચે ડ્રેનેજ લાઈન નાંખવા બાબતમાં કોઈપણ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થયે અથવા મનાઈ હુકમ આવશે તો સદરહુ મંજુરી રદ કરવાનો ખાતાને અધિકાર રહેશે.

રજા ચિઠ્ઠી લેનારની સહી.........................................

ભાવનગર મહાનગરપાલિકા

રોશની વિભાગ

ભા.મ./રોશની જાવક. 1318
તારીખ. 29-12-18

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
રોશની વિભાગ,
ભાવનગર મહાનગરપાલિકા,
તા. 29/12/2018

પ્રતિ,
કાંતીભાઈ મથુરભાઈ દવે
F.P. 41, T.P. સ્કીમ-3 (રૂવા)
શિવાજી સર્કલ પાસે

વિષય:- સ્ટ્રીટલાઈટ સુવિધા સબબ સુપરવિઝન ચાર્જ તથા સ્ટ્રીલાઈટ ફિટીંગ તથા કંટ્રોલ પેનલના સ્પેસીફીકેશન બાબત.

સંદર્ભ:- (૧) આપની અરજી નં. 32966 તા. 18/12/18
(૨) સી.ઈ/કમી.મંજુરી નં: 202 તા. 28/12/18

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનુ કે આપના દ્વારા રજુઆત મુજબની વસાહતમાં સ્વખર્ચે સ્ટ્રીટ લાઈટ સુવિધા ડેવલપ કરવા ખર્ચના અંદાજ/ સુપરવિઝન ચાર્જ તથા સ્પેશીફીકેશન જણાવવા આવેલ રજુઆત અન્વયે સ્થળની જરૂરિયાત મુજબ પી.જી.વી.સી.એલ પોલ/વાયરીંગ માટેનુ તથા અત્રેના વિભાગના સ્ટ્રીટ લાઈટ સુવિધાના કામના વર્ષિક મંજુર રહેલ ભાવોથી સ્ટ્રીટ લાઈટ ફિટીંગ વિગેરે કામ માટે અંદાજ પત્ર તૈયાર કરવામા આવેલ છે. જે સબબ સુપરવિઝન ચાર્જ રૂ. 1012/- મ્યુ. ટ્રેઝરીમાં જમા કરાવવા તથા સ્ટ્રીટ લાઈટ માટેના લે-આઉટ પ્લાન અંગે સંદર્ભ-૨ થી સીટી એન્જીનિયરશ્રી/માન.કમિશ્નરશ્રીની મંજુરી પ્રાપ્ત થયેલ છે.

સ્ટ્રીટ લાઈટ સુવિધા મ્યુનિ.ના ધારાધોરણ મુજબ ડેવલપ કર્યા બાદ તે અંગેનુ એન.ઓ.સી અત્રેથી આપવામાં આવશે. બી.પી.એમ.સી એક્ટની કલમ-૨૨૪ અન્વયે તમામ સુવિધાઓ કોર્પોરેશન દ્વારા સંભાળવામા ન આવે ત્યા સુધી કોર્પોરેશન દ્વારા આપની સોસાયટીનુ મેઈન્ટેનન્સ કરવામાં આવશે નહી જેની નોંધ લેશો.

જ્યારે સક્ષમ સતા દ્વારા તમામ સુવિધાઓ સંભાળવાની થાય ત્યારે નજીકની સ્ટ્રીટ લાઈટમાં કનેક્શન આપવા માટે જરૂરી કામગીરી આપના દ્વારા કરાવવાની રહેશે અથવા નવા વિજ જોડાણની જરૂરીયાત ઉભી થયેથી સ્ટ્રીટલાઈટ માટે કોર્પોરેશનના નામનુ અલગથી વિજ-જોડાણ લેવાનુ રહેશે. જેનો સદરહુ એસ્ટીમેટની અંદાજીત રકમમાં સમાવેશ થતો નથી. ઉપરોક્ત જણાવેલ સુપરવિઝન ચાર્જની રકમ રૂ. 1012/- દિન પંદરમાં ભરપાઈ કરવાની રહેશે. તેમજ ફીટીંગ ફિટ કરતા પહેલા તેની ચકાસણી અત્રેના વિભાગે કરાવી સ્થળ ઉપર ફિટીંગ કામ પુર્ણ કરી ટ્રાયટેસ્ટ કરી શરૂ કર્યા બાદ અત્રેની કચેરીમાં લેખિત માંગણી કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વર્ક કમ્પલીશન આપવામાં આવશે. જે જાણ સારૂ.

બીડાણ: સ્ટ્રીટલાઈટ ફિટીંગ સ્પેસિફિકેશન

(સહી) 29/12/18
કાર્યપાલક ઈજનેર
રોશની વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

**BHAVNAGAR MUNICIPAL CORPORATION**
**ROSHNI DEPARTMENT**

| | | |
|---|---|---|
| 1 | Supply, Erection, Testing and Commissioning of LED street light fittings single piece MCPCB with thermal pads, High pressure Aluminium Die cast, power factor - > 0.90, Efficiency - > 85%, IP - 65, working life 60,000 Hrs. Light source, Osram LED, Maximum Current across each LED (v), 650, 720, Maximum Temperature of Heat sink, 65'C, colour temperature - 2700 - 8000 k, Beam angle (LED) - 120', storage life - 35'C, cool white, warm white. Make: Crompton, Philips, Bajaj, Nessa, Hevalls, Goldwin, Promtech, Syska. | |
| | 30W led streetlight fitting | 40121 |
| 2 | single phase control panel with auto timer | — |
| 3 | p.s.c. pole with necessary wiring by PGVCL | — |

29/12/18
Executive engineer
roshni department

# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ભાવનગર

કલેક્ટર કચેરી, મોતીબાગ રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧ (ગુજરાત)

ફોન નંબર : ૦૨૭૮-૨૪૨૮૮૨૨ ઇ-મેઇલ : collector-bav@gujarat.gov.in

હુકમ નં. 8/14/12/005/2019

તા. 20/05/2019

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી કાંતીલાલ મથુરભાઇ દવે
રહે. કામીનીયાનગર, તળાજારોડ, ભાવનગર, BHAVNAGAR-364001 ની તા. 13/03/2019 ની ઓનલાઇન અરજી તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૫૬, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા. ૩૧/૦૩/૨૦૧૧

(૭) iRCMS પોર્ટલ પરની કેસ વિગત

હુકમ :-

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી કાંતીલાલ મથુરભાઇ દવે એ મોજે રુવા તા. ભાવનગર શહેર જિ. ભાવનગર ના સરવે/બ્લોક નં. 112/૨p૧/p૧ ના ક્ષેત્રફળ 4,017.00 ચો.મી. ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

| સરવે/બ્લોક નંબર<br>ટી.પી. નંબર<br>એફ.પી. નંબર | માંગણીનું<br>ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ<br>(ખાતા નં. 361) | જમીનનો સત્તાપ્રકાર<br>(૭/૧૨ મુજબ) |
|---|---|---|---|
| સરવે/બ્લોક નં. : 112/૨p૧/p૧<br>જુનો સરવે/બ્લોક નં. : ---<br>ટી.પી. નં. : 3<br>એફ.પી. નં.: 41 | 4,017.00 | કાંતિભાઇ મથુરભાઇ દવે | જુની શરત (જુ.શ) |

વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

| કરની વિગત | સદર | માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.) | દર રૂ. પ્રતિ ચો.મી. | કુલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| રૂપાંતર કર | 569-0035-00-800-01 | 4,017.00 | 10.00 | 40,170.00 |
| વિશેષ ધારો | 570-0035-00-101-01 | 4,017.00 | 0.25 | 1,004.00 |
| લોકલ ફંડ | 574-0029-00-103-01 | 4,017.00 | 0.13 | 502.00 |
| શિક્ષણ ઉપકર | 575-0045-00-108-01 | 4,017.00 | 0.13 | 502.00 |
| માપણી ફી | 577-0029-00-106-01 | 4,017.00 | --- | 7,200.00 |
| | | | કુલ રૂ. | 49,378.00 |

ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે રુવા તા. ભાવનગર શહેર જિ. ભાવનગર ના સરવે/બ્લોક નં. 112/૨p૧/p૧ ના ક્ષેત્રફળ 4,017.00 ચો.મી. ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો : -

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો ) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.25 પ્રમાણે રૂ. 1,004.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકા એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાંની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૨) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૩) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૪) ૧.ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા સવાલવાળી જમીન સંબધે શરતોને આધીન મહેસુલ કાયદા સરકારશ્રીના વખતો-વખતના ઠરાવ તથા પરિપત્રમાં જણાવેલ જોગવાઇઓને આધીન મળેલ અધિકારની રૂઇએ રહેણાંકના હેતુ માટે બિનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે

૨. સવાલવાળી જમીન બાબતે નામ. સીવીલ કોર્ટમાં ચાલતાં સ્પે.દી.કેસ નં. ૮૭/૨૦૧૮ તથા પ્રાંત અધિકારીશ્રી, ભાવનગરની કચેરી ખાતે ચાલતાં અપીલ કેસ નં. ૧૫૧/૧૮-૧૯ નો આખરી નિર્ણય તથા ઉત્તરોત્તરની અપીલ ઓથોરીટીના નિર્ણયો અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

મોજે રૂવા, તા. ભાવનગર ખાતે
સર્વે નં. ૧૫૧/૨ પૈ ૧ પૈકી
૭૦૭૭-૦૦ ચો.મી

COLLECTOR OFFICE - BHAVNAGAR

( હર્ષદ પટેલ )
કલેકટર, ભાવનગર

આર.પી.એ.ડી.
પ્રતિ,
કાંતીલાલ મથુરભાઇ દવે
કામીનીયાનગર
તળાજારોડ
ભાવનગર
BHAVNAGAR-364001

નકલ રવાના:-

૧. મુખ્ય અધિકારીશ્રી, ભાવનગર મહાનગરપાલિકા
૨. મામલતદારશ્રી તા. ભાવનગર શહેર જિ. ભાવનગર (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઇટ્સ મુજબ કરાવવા સારૂ.)
૩. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. ભાવનગર
૪. પ્રાંત અધિકારીશ્રી, ભાવનગર
૫. શાખાધ્યક્ષશ્રી બીનખેતી યુનીટ શાખા, કલેક્ટરેટ ભાવનગર
૬. સીટી તલાટીશ્રી રૂવા, સીટી મામલતદાર કચેરી ભાવનગર

7

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, ભાવનગર શહેર માં નોંધ નંબર 4755 થી મોજે.- રુવા તા.- ભાવનગર શહેર જિ.- ભાવનગર માં નોંધ થયેલ છે.